## ગ્રાહકફરિયાદનિવારણફોરમ, જુનાગઢ


પશ્ચિમગુજરાતવીજકંપનીલીમીટેડ
સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧
website : www.pgvcl.com
CIN:U40102GJ2003SGC042908


પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૮/ક્વા-૦૧/૨૦૨૪-૨૫ / 158          તા. ૨૨-૭-૨૪

રજી.એડી./સ્પીડ પોસ્ટ/કુરિયર મારફત

પ્રતિ,
સ્ટાર આઈસ ફેક્ટરી
લકડી બંદર એરીયા,
એગ્રો ડીઝલ પંપ પાસે, પોરબંદર
જી. :પોરબંદર, પીનકોડ : ૩૬૦૫૭૫ મોબાઈલ : ૭૬૦૦૦૦૯૧૭૭

**વિષય :** ૪.૯૫ મુજબની કાર્યવાહી મનઘડત નિયમો મુજબ ન કરવા અંગે.

**સંદર્ભ :** સ્ટાર આઈસ ફેક્ટરી ની રજુઆત મળ્યા તારીખ: ૨૯.૦૪.૨૦૨૪

( અત્રેનાફોરમનીનોંધણીનંબર : ૦૮/ક્વા-૦૧/૨૦૨૪-૨૫)

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

(ડી.એસ.રાજપાલ)
કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., જુનાગઢ

બિડાણ : ઉપર મુજબ.
નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, પોરબંદર

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, પોરબંદર શહેર

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી,

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧
website : forumjunagadh.pgvcl@gebmail.com
CIN:U40102GJ2003SGC042908

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૮/ફ્વા-૦૧/૨૦૨૪-૨૫/ 158 તા. 22-7-24

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૦૮/ફ્વા-૦૧/૨૦૨૪-૨૫**

અરજદાર: શ્રી સ્ટાર આઈસ ફેક્ટરી , ગામ – પોરબંદર,

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી, પોરબંદર શહેર,

**:: કોરમ ::**

| | |
|---|---|
| ૧) ચેરપર્સન | : શ્રી એન.સી.મકવાણા |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : શ્રી એન.એસ.પંડયા |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ,વર્તુળ કચેરી, પોરબંદર
તારીખ: ૨૦-૦૬-૨૦૨૪ (ગુરુવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૦-૦૬-૨૦૨૪ (ગુરુવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ બન્ને પક્ષકાર હાજર રહેલ હતા.

**:: અરજદારની રજૂઆત ::**

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, આપ સાહેબને અમારી નમ્ર વિનંતી છે કે અમો સ્ટાર આઈસ ફેકટરીના નામે ૧૮૦ કે.વી. નું એક નાનું HT કનેકશન લકડી બંદર એરીયામાં ધરાવીએ છીએ. અમારા સદર વીજ કનેકશનમાં વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન ઓગષ્ટ-૨૨ માં ૨૧૧ કે.વી.એ, સપ્ટેમ્બર-૨૨ માં ૨૦૯ કે.વી.એ., ઓકટોબર-૨૨ માં ૨૧૭ કે.વી.એ. તથા નવેમ્બર-૨૨ માં ૨૦૧ કે.વી.એ. નો વીજ MD નોંધાતા પી.જી.વી.સી.એલ. દ્વારા અમોને લોડ વધારો કરવા માટે નોટીસ આપેલ હતી ત્યારબાદ અમોએ ૪.૯૫ મુજબ સુઓમોટો, અંતર્ગત ૩,૪૩,૮૨૭/- રૂા. નું એસ્ટીમેટ મોકલેલ છે. જે અમોએ ન ભરી શકતા. અમારા સદર ગ્રાહક નંબરમાં ડેબીટ કરેલ છે. આ બાબતે અમારી આપ સાહેબને નમ્ર અરજ છે કે, હવે નવેમ્બર-૨૨ પછી અમોએ એક પ્લાન્ટ બંધ કરી દીધો છે એટલે હવે વધારે MD આવતી નથી એટલે અમો લોકો લોડ વધારો કરાવી શકીએ તેવી અમારી હાલમાં આર્થિક સ્થિતિ

નથી, હાલમાં મત્સ્યોદ્યોગ મરણ પથારીએ હોય, ધંધામાં ખુબ જ મંદી હોવાથી, અમારી આર્થિક સ્થિતિ પણ ખરાબ થઈ ગયેલ હોય, જેથી હવે અમો લોકો રૂા. ૩૦૦/- સ્ટેમ્પ પેપર ઉપર બાંહેધરી આપી બે વર્ષનો એગ્રીમેન્ટ ડીમાન્ડ ચાર્જીસ ભરવામાં પણ રાજી હોય, જેથી અમોને પી.જી.વી.સી.એલ. ના પરીપત્ર નં. PGVCL/R&C/1910 તા. ૧૯-૩-૨૦૨૨ ના પરિપત્ર મુજબ અમલ કરાવીને અમોને આ ધરાર લોડ વધારો લેવાની પ્રથામાંથી મુકિત આપવા અમારી નમ્ર વિનંતી છે. આમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અત્રેની કચેરીના એચ.ટી. વીજ ગ્રાહક શ્રી સ્ટાર આઈસ ફેકટરી ગ્રાહક નંબર : ૨૧૦૭૪ થી ૧૮૦ કે.વી.એ. નું એચ.ટી. વીજ જોડાણ લકડી બંદર એરિયામાં ધરાવે છે. સદર ગ્રાહક ને નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન ઓગસ્ટ ૨૦૨૨ માં ૨૧૧ કે.વી.એ., સપ્ટેમ્બર ૨૦૨૨માં ૨૦૯ કે.વી.એ., ઓક્ટોબર-૨૨ માં ૨૧૭ કે.વી.એ., નવેમ્બર-૨૦૨૨ માં ૨૦૧ કે.વી.એ. નો વીજભાર કરારિત વીજભાર કરતા ખરેખર વીજભાર વધુ નોધાયેલ હતો તેના અનુસધાને અત્રેની કચેરી તરફ થી જરૂરી નોટીસ અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : PCD/TECH/HT-SUVOMOTO/21074/419 DT : 09-10-2023 ના રોજ પાઠવવામાં આવેલ હતી.

3.૧ ત્યારબાદ ગ્રાહક તરફથી લોડ-વધારો કરવી લેવાની કોઈજ તજવીજ હાથ ધરેલ ન હતી તેથી અત્રેની કચેરી દ્વારા જરૂરી અંદાજપત્ર પત્રક ક્રમાંક : PCD/TECH/HTLE-SUVOMOTO/21074/518 DT : 29-12-2023 ના રોજ થી ઇસ્યુ કરવામાં આવેલ હતું. આમ છતાં ગ્રાહક દ્વારા અંદાજ પત્ર ની રકમ ભરપાઈ ન કરતા એપ્રિલ -૨૦૨૪માં તેમના ખાતે ડેબીટ કરવામાં આવતા સદર ગ્રાહક દ્વારા માનનીય સીજીઆરએફ માં રજૂઆત કરવામાં આવેલ છે અત્રેની કચેરી દ્વારા જે કાર્યવાહી કરવામાં આવેલ છે તે કંપની પ્રવર્તમાન નિયમોનુસાર કરવામાં આવેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબ નાં નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ અરજદારશ્રી શ્રી સ્ટાર આઈસ ફેક્ટરી, ગ્રાહક નં. ૨૧૦૭૪ થી પોરબંદર ખાતે ૧૮૦ KVA નું HT કનેકશન ધરાવે છે તેમજ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા લોડવધારા અંગેનું આપવામાં આવેલ રૂા. ૩૪૩૮૨૭/- ના અંદાજપત્ર સામે અત્રે ના ફોરમ ને રજૂઆત કરેલ છે.

૪.૨ હાલના કેસની રજુઆત મુજબ અરજદારશ્રી ના HT વીજ કનેકશનમાં વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન કોન્ટ્રાકટ લોક ૧૮૦ KVA સામે વર્ષ દરમ્યાન ૪ વખત વધુ KVA નો લૉડ રેકોર્ડ થતાં, પીજીવીસીએલ પક્ષકાર દ્વારા સપ્લાય કોડના ક્લોઝ નં.૪.૯૫ મુજબ વીજભારમાં વધારો કરવા તા.૦૯/૧૦/૨૦૨૩ થી નોટીસ આપવામાં આવેલ. જે અંગે અરજદારશ્રી દ્વારા કોઈ પ્રત્યુતર કરવામાં ન આવતાં, સમય પુર્ણ થતાં, પીજીવીસીએલ દ્વારા તા.૨૯/૧૨/૨૦૨૩ ના રોજ રૂા. ૩૪૩૮૨૭/- નું અંદાજપત્ર આપવામાં આવેલ છે.

| નાણાકીય વર્ષ 2022-23 (માસ) | એકચુઅલ ડિમાન્ડ | કરારીત વિજભાર | કરારીત વિજભાર+૫% |
|---|---|---|---|
| AUG-22 | 211 | 180 | 189 |
| SEP-22 | 209 | | |
| OCT-22 | 217 | | |
| NOV-22 | 201 | | |

અરજદારશ્રી દ્વારા હાલ માં વીજભાર કન્ટ્રોલ કરી દેવામાં આવેલ છે અને હવે વધુ વીજભાર ની જરૂર ન હોષ, અંદાજપત્ર રદ કરવા જણાવેલ છે.

૪.3 રજૂ થયેલ રેકર્ડ અને રજૂઆતોને ધ્યાને લેતાં, ફોરમને જણાય છે કે, પીજીવીસીએલ દ્વારા અરજદાર શ્રીના લોડ વધારા અંગેની કરવામાં આવેલ બીલીંગની કાર્યવાહી જીઈઆરસી ના સપ્લાય કોડ-૨૦૧૫ની ક્લોઝ-૪.૯૫ મુજબ ની અને નિયમોનુસાર છે.

૪.૪ આ તબક્કે પીજીવીસીએલની વડી કચેરી રાજકોટ ના પત્ર નં. ૧૯૧૦ તા. ૧૯.૦૩.૨૦૨૨ માં દર્શાવેલ સુચના ને પણ ધ્યાનમાં લેવામાં આવે છે જે નીચે મુજબ છે.

"in such cases, we may allow such consumers with their current contract demand or contract demand within 100 KW by recovering differential fixed/demand charges for contract demand that would have been as per clause no. 4.95 of Supply Code and consumer desires to continue with the contract demand for period of two years i.e. agreement period. Afterwards, on single instance of excess drawl than contract demand, consumer has to regularize its contract demand."

૪.૫ ઉપરોક્ત વિગતો અને આજની ફોરમની બેઠક દરમિયાનની રજૂઆતો ને ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

* ઉપરોક્ત વર્ણન કરેલ છે તે મુદ્દા ન ૪.૪ મુજબ ગ્રાહક પાસેથી લોડ મુજબ બે વર્ષ નો ન્યૂનતમ ચાર્જ વસુલ કરવો તેમજ જરૂરી બાંહેધરી પત્રક મેળવીને એચ.ટી. લોડ વધારાનું અંદાજપત્ર રદ ગણવાની કાર્યવાહી કરવી. આ સમગ્ર પ્રક્રિયા દિન – દસ માં પૂર્ણ કરવી અને ફોરમને દિન ત્રીશ માં અહેવાલ કરવાનો રહેશે."

૪.૬ તે મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.૭ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

શ્રી એન.એસ.પંડયા
સ્વતંત્ર સભ્ય

શ્રી એન.સી.મકવાણા
ચેરપર્સન

નોંધ:-

(૧) અરજદાર સદર હુકમ થી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખ થી દિન-30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલશ્રી નું સરનામું : વિદ્યુત લોકપાલની કચેરી, જીલ્લા સેવા સદન-3, ત્રીજો માળ,બ્લોક નં. ૧, સરકારી પ્રેસ રોડ, ફોન નં.-૦૨૮૧-૨૯૯૪૧૨૫, રાજકોટ-૩૬0001